ડૉ.આંબેડકર આવાસ યોજના

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવક્રમાંક:અબડ/૧૦૨૦૦૦/૧૮૨૩/હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૧૯-૧૦-૨૦૦૦

વંચાણેલીધા:

૧. સરકારશ્રીના સમાજકલ્યાણ વિભાગના ઠરાવક્રમાંક:વમસ-૧૦૯૫/૧૮૩૭/૯૬/હ તા:૨-૧૨-૯૬

૨. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક: અબડ-૧૦૯૯-૭૬૯-હ તા:૨૨-૨-૨૦૦૦

૩. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક: અબડ-૧૦૨૦૦૦-૫૭૫-હ તા:૧૬-૩-૨૦૦૦

૪. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક: અબડ-૧૦૨૦૦૦-૪૬૪-હ તા:૨૮-૪-૨૦૦૦

૫. નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્રક્રમાંક: અજાક-અગન-મ-૨૦૦૦-૧૬૦૦ તા:૨૧-૭-૨૦૦૦
પત્રક્રમાંક:અજાક-અગન-મ-૨૦૦૦-૧૬૪૩ તા:૨૭-૭-૨૦૦૦
પત્રનં.અજાક-મ-૩-૨૦૦૦-૧૮૭૯ તા:૨૮-૮-૨૦૦૦

ઠરાવ

આમુખમાં જણાવેલક્ર(૨)થી(૪) પરના જુદા જુદા ઠરાવોઅન્વયે રાજ્યમાં અનુ.જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન બાંધવા સહાય આપવા અંગેની "ડૉ.આંબેડકર આવાસ યોજના" તા:૧-૪-૨૦૦૦ થી અમલમાં છે.જેમાં હાલ રૂા.૨૪૦૦૦ સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા અનુ.જાતિના લાભાર્થીઓને રૂા.૩૦,૦૦૦ની મર્યાદામાં સહાય ત્રણ હપ્તામાં ચુકવવામાં આવે છે.આ યોજનાની જિલ્લા કક્ષાએ અમલ થાય છે.તેમાં અમલીકરણ અધિકારીઓને યોજનાનો અમલ કરવામાં કેટલીક વહીવટી મુશ્કેલીઓ જણાતી હોવાનું તથા લાભાર્થીઓ યોજનાનો લાભ લેવામાં મુશ્કેલીઓ અનુભવતા હોવાનું સરકારશ્રીના ધ્યાને આવેલ છે.આમુખમાં જણાવેલક્ર(૫) ઉપરના વિવિધ પત્રોથી નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણે ઠરાવમાં જરુરી સુધારા કરવા વિનંતી કરેલ છે.ઉપરોકત તમામ રજુઆતો સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી અને તે અન્વયે કાળજીપુર્વકની વિચારણા પછી ડૉ.આંબેડકર આવાસ યોજના અંતર્ગત આથી નીચે મુજબ સુધારાઓ કરવામાં આવે છે.

૧. પ્લીન્થ લેવલની મર્યાદા દુર કરવા બાબત.

તા:૨૨-૨-૨૦૦૦ ના ઠરાવની જોગવાઈ ક્રમાંક ૪(૩) માં હાલ અરજદારે સ્વ-ખર્ચે પ્લીન્થ સુધીનું બાંધકામ પુર્ણ કરીને તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાથી પ્રથમ હપ્તો ૩૦ ટકા મુજબ મંજુર કરવામાં આવે છે.તે નિયમ રદ કરીને આથી નીચે મુજબ સહાય મંજુર કરવાની રહેશે.
૧.પ્રથમ હપ્તો: ૧૦% લેખે રૂા.૩,૦૦૦/-અરજી મંજુર કરતી વખતે.

૨. બીજો હપ્તો: ૩૦% લેખે પ્લીન્થ લેવલનું બાંધકામ થયેથી સક્ષમ અધિકારીનું અથવા સ.ક.નિરીક્ષકનું પ્રમાણપત્ર રજુ કર્યેથી.

૩. ત્રીજો હપ્તો: ૩૦% લેખે છત લેવલનું બાંધકામ થયેથી સક્ષમ અધિકારીનું અથવા સ.ક.નિરીક્ષકનું પ્રમાણપત્ર રજુ થયેથી.

૪. ચોથો હપ્તો: બાકી રહેતી ૩૦%રકમ બાંધકામ પુર્ણ થયાનું નીચે જણાવેલ સક્ષમ અધિકારીઓનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ચુકવવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકાના નાયબ કાર્યપાલક ઈજનેર અથવા તેમના તાબાના તાંત્રિક અધિકારીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

શહેરી વિસ્તાર માટે રાજ્ય સરકાર/મ્યુ.કોર્પો./નગરપાલિકાના ઈજનેરી શાખાના તાંત્રિક અધિકારીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૨. ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ બાંધવામાં આવનાર મકાન બાંધકામનું ક્ષેત્રફળ ઓછામાં ઓછુ ૨૦ ચો.મી.હોવું જોઈએ.

૩. <u>વિકલ્પો આપવા બાબત.</u>

અનુ.જાતિના જે ઈસમો ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અરજી કરીને વ્યકિતગત રીતે મકાન બાંધકામ કરવા ઈચ્છતા ના હોય અને જો તેઓ સરદાર આવાસ યોજના કે ઈન્દીરા આવાસ યોજના મુજબ બીનસરકારી સંસ્થા દવારા મકાનનું બાંધકામ કરાવવા માંગે તો તે મુજબ તેઓ કરી શકશે અને તેટલે અંશે ગ્રાન્ટની રકમ સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રીના હવાલે નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ દવારા મુકવાની રહેશે.

૪. <u>સ્વખર્ચે મકાન બનાવેલ હોય તેવા કિસ્સામાં સહાય ચુકવવા બાબત.</u>

આમુખમાં જણાવેલ વંચાણ(૧) પરના ઠરાવ અન્વયે અરજદારે સ્વખર્ચે મકાન બનાવેલ હોય તો તેમાં સહાય મંજુર કરવાની જોગવાઈ હતી જે વંચાણ(૨)પરના ઠરાવથી રદ થતાં હવે પુનઃઉકત જોગવાઈ નીચેની શરતોને આધીન રહી આથી ચાલુ રાખવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ મળેલ અરજી જે તે વર્ષે ગ્રાન્ટના અભાવે મંજુર કરી શકાયેલ ન હોય અને અરજદાર યોજનાની તમામ શરતો પરિપુર્ણ કરતો હોય અને અરજી કર્યા પછી સ્વખર્ચે મકાન બાંધકામ કર્યુ હોય તો તેની ખાત્રી કર્યા બાદ બાંધકામ પુર્ણતાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કર્યેથી મકાન બાંધકામની સહાય એક સાથે એકજ હપ્તામાં મંજુર કરી ચુકવવાની રહેશે.

આ યોજના હેઠળ સહાયનું ચુકવણું, અન્ય શરતો તથા વંચાણ(૨)થી(૪) પરના ઠરાવોથી નિયત થયેલ જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.એમ.પરમાર)
નાયબસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ

* રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
* માનનીય મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
* સર્વે મા.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
* મા.મંત્રીશ્રી,સા.ન્યા.અને અ.વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
* [illegible]

સર્વે માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ,સચિવાલય,ગાંધીનગર.
સર્વે મા.નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.

નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ,ગુજરાત રાજય,અમદાવાદ.
નાયબસચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત,અમદાવાદ/રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટ્સ ઓફિસ,અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફીસર,અમદાવાદ/ગાંધીનગર.
તિજોરી અધિકારીશ્રી,(સર્વે).
સર્વે જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી(પંચાયત).
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,વર્ગ–૧.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નાણાં સલાહકારશ્રી, નાણાં શાખા, સા.ન્યા.અને અ.વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સા.ન્યા.અને અ.વિભાગની સર્વે શાખાઓ
પસંદગીની ફાઈલ.
* પત્ર દવારા.

ત્રિવેદી ૧૯.૧૦.એચટીએચ. પેજ ૪.